GJSK020076122026

**ક્રિમીનલ ઈન્કવાયરી નંબર: ૬૪૮/૨૦૨૬**

**આંક– ૧ લગત હુકમ**

૧. સાંભળ્યા. ફરીયાદની વિગત, રજુ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા.

૨. નામદાર સુપ્રિમ કોર્ટ દવારા સંજાબીજ તારી વિરુધ્ધ કિશોર.એસ.બ્રોકર (૨૦૨૫ એસ.સી.સી ઓનલાઈન સુપ્રિમ કોર્ટ પાન નંબર ૨૦૬૯) ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ ની ફરીયાદીની ઈન્સાફી કાર્યવાહી અનુંસંધાને પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શિકા અને સિધ્ધાંત ધ્યાને લીધા. વધુમાં સદરહુ મુદે નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નંબર ડી/૨૯૧૭/૨૦૨૬, તા.૫/૨/૨૦૨૬ થી પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શિકા વંચાણે લીધી. હાલની ફરીયાદના અનુસંધાને બી.એન.એસ એસ ની કલમ–૨૨૫ (૨) મુજબ સાક્ષીને સોગંધ પર તપાસવાની આવશ્યકતા રહેતી નથી અને ફરીયાદીએ રજુ કરેલ ફરીયાદ અને ડોકયુમેન્ટસને આધીન આક્ષેપિત ગુના સબંધે ન્યાયિક અદાલત ન્યાયિક નોંધ લઈ શકશે તેવુ ઠરાવેલ છે

૩. ધી નેગો.ઈન્ટુ.એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો વંચાણે લીધા. સદરહું કેસમાં રજુ ચેક ઠરાવેલ સમય મર્યાદાની અંદર બેંકમાં રજુ થયેલ છે  અને સદરહું ચેકનો અસ્વીકાર થયેથી ફરીયાદ પક્ષે એક માસની અંદર આરોપીને નોટીસ આપવામાં આવેલ છે અને જે નોટીસની બજવણી આરોપીના યોગ્ય સરનામે કરેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. આરોપીએ મુકરર પંદર દિવસમાં ચેકના નાણાં ચુકવી આપેલ ના હોવાનું જણાઈ આવે છે અને ત્યાર બાદ એક માસની અંદર સદરહુ ફરીયાદ અત્રે કોર્ટમાં દાખલ કરેલ છે.

૪. ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો, તથા અધીનીયમ પાછળ નો ઉદ્દેશ તથા રજુ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, આરોપી સામે ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ ના આક્ષેપીત

ગુના સબબ પ્રોસેસ ઇશ્યુ કરવા બાબત પુરતા કારણો હોય જેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા – ૨૦૨૩ ની કલમ–૨૨૭ લક્ષમાં લેતાં આરોપી સામે આ ગુના સબંધિત ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પુરતા કારણ જણાતા હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧. સદરહું ફરીયાદ ક્રિમી.રજીસ્ટરે લેવી.

૨. આરોપી સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા –૨૦૨૩ ની કલમ–૨૨૭ (૧) (એ) મુજબ ધી નેગો. ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ ના આક્ષેપિત ગુના સબંધે **તા. ૦૪/૦૭/૨૦૨૬** ના રોજનો સમન્સ કાઢવો.

૩. નામદાર સુપ્રિમ કોર્ટ દવારા સંજાબીજ તારી વિરુધ્ધ કિશોર.એસ.બ્રોકર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શિકા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નંબર ડી/૨૯૧૭/૨૦૨૬, તા.૫/૨/૨૦૨૬ થી પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શિકા મુજબ પ્રોસેસની બજવણી કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આથી ક્રિમીનલ ઈન્કવાયરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**મુઃ હિંમતનગર** **(જયોત્સના વીનુભાઈ પરમાર)**

**તાઃ ૦૧/૦૬ /૨૦૨૬** **એડી. ચીફ જયુડી. મેજી. હિંમતનગર**

**કોડ નં. જી.જે.૦૧૦૨૧**

NEHAL